## રાજ્યના સ્થાપના દિવસે મુખ્યમંત્રીની જાહેરાત

# રાજ્યના ૬૧ લાખ મધ્યમ વર્ગના પરિવારોને અનોખી ભેટ

**પરિવાર દીઠ ૧૦ કિલો ઘઉં-૩ કિલો ચોખા-૧ કિલો ખાંડ-૧ કિલો દાળ વિનામૂલ્યે વિતરણ કરાશે : ૭મી મે થી ૧૨મી મે સુધી વિતરણ થશે : મા વાત્સલ્યમ-મા અમૃત્તમ યોજનાના ૭૭ લાખ લાભાર્થીઓ-પરિવારોની આરોગ્યરક્ષાની પ્રતિબદ્ધતામાં**

ગાંધીનગર, તા. ૩૦

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રવર્તમાન કોરોના વાયરસના સંક્રમણ અને લોકડાઉનની સ્થિતીમાં ગુજરાત રાજ્યના ૬૦માં સ્થાપના દિવસ તા. ૧ લી મે ની ભેટ રાજ્યના મધ્યમવર્ગીય પરિવારોને આપવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સ્થાપના દિવસ અવસરે રાજ્યના સૌ નાગરિકોને પ્રવર્તમાન કોરોના વાયરસના સંક્રમણ સામે એક બની સતર્કતા-જાગૃતિ દાખવી જંગ લડવાની પ્રેરણા આપતા પ્રજાજોગ સંદેશમાં આ મહત્વપૂર્ણ ભેટની જાહેરાત કરતાં જણાવ્યું કે, રાજ્યના ૬૧ લાખ જેટલા મધ્યમવર્ગીય છઁન-૧ કાર્ડધારકો એટલે કે અંદાજે ૨.૫૦ થી ૩ કરોડ લોકોને આગામી તા. ૭ મી મે ગુરૂવારથી તા. ૧૨મી મે પાંચ દિવસ દરમ્યાન પરિવાર દિઠ ૧૦ કિલો ઘઉં, ૩ કિલો ગ્રામ ચોખા, ૧ કિલો ગ્રામ દાળ અને ૧ કિલો ગ્રામ ખાંડનું વિનામૂલ્યે વિતરણ સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી કરવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં હાલની પરિસ્થિતીમાં કોઇ નાગરિકને ભુખ્યા સૂવું ન પડે તેવી સંવેદના સાથે આ મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. આ અનાજ વિતરણનો અંદાજે રૂ. ૨૦૦ કરોડનો ખર્ચ રાજ્ય સરકાર આપશે.

મુખ્યમંત્રીશ્રીએ મા-વાત્સલ્યમ અને મા-અમૃત્તમ યોજનાના કાર્ડ ધરાવતા ૭૭ લાખ પરિવારોને પણ આરોગ્ય રક્ષા કવચ પુરૂં પાડવાની પ્રતિબદ્ધતા સાથે અન્ય એક ભેટ આવા પરિવારોને ગુજરાત સ્થાપના દિવસ અવસરે આપી છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ જાહેર કર્યુ છે કે આવા મા-વાત્સલ્ય મા-અમૃત્તમ યોજનાના લાભાર્થી પરિવારમાં કોઇ પણ વ્યકિતને તબીબી કારણો-માંદગી સર સર્જરી-ઓપરેશન કરાવવાની નોબત હાલની કોરોના વાયરસના સંક્રમણની સ્થિતી દરમ્યાન આવે તેમજ પ્રસુતિ માટે હોસ્પિટલમાં દાખલ થવું પડે તો તેના ભાગ રૂપે કોરોના ટેસ્ટ કરાવવાનો થાય તો આ ટેસ્ટનો સંપૂર્ણ ખર્ચ પણ રાજ્ય સરકાર ભોગવશે.

મુખ્યમંત્રીશ્રીએ પારદર્શીતા, સંવેદનશીલતા અને નિર્ણાયકતા તથા ગતિશીલતાના ચાર મુખ્ય આધારસ્થંભ પર ગુજરાતને સુશાસનની દિશામાં વધુ પ્રેરિત કરવાની નેમ સાથે ૬૦માં ગુજરાત સ્થાપના દિવસના ઉપલક્ષ્યમાં આ નિર્ણયો કર્યા છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રવર્તમાન કોરોના વાયરસના સંક્રમણની સ્થિતીમાં ૬૦માં ગુજરાત ગૌરવ દિવસની ઉજવણીને કોરોના સામેની લડાઇમાં હરેક ગુજરાતીના યોગદાન તરીકે પ્રેરિત કરવાનો પણ નવતર અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં રાજ્યના સૌ નાગરિકોને આહવાન કર્યુ છે કે, ગુજરાત સ્થાપના દિવસ-ગુજરાત ગૌરવ દિવસના આ પર્વે દરેક ગુજરાતી સ્વયં સ્વચ્છતાનો સંકલ્પ કરે. તેમણે કહ્યું કે, હરેક વ્યકિત એવો નિર્ધાર કરે કે ઘરની બહાર નીકળે ત્યારે માસ્ક અવશ્ય પહેરે, સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવે તેમજ વારંવાર સાબુથી હાથ ધોવે.

મુખ્યમંત્રીશ્રીએ આ સંકલ્પ 'હેઝ ટેગ વિજય સંકલ્પ' સાથે સૌ કોઇ પોતાના વિડીયો-ફોટોઝ ફેસબૂક, ઇન્સ્ટાગ્રામ, ટવીટર જેવા સોશિયલ મિડીયા પ્લેટફોર્મ પર સાથે અપલોડ કરે તેવી અપિલ પણ કરી છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ તા. ૧લી મે ગુજરાત ગૌરવ દિવસને પ્રવર્તમાન સ્થિતીમાં ગ્રામજનો, શહેરી નાગરિકો પ્રજાજનોના ખબર-અંતર પૂછવા સાથે સંવાદ દિવસ તરીકે સાદગી પૂર્ણ રીતે મનાવવાનો નિર્ધાર કર્યો છે.

આ અન્વયે મુખ્યમંત્રી તા.૧લી મે શુક્રવારે સવારે ૧૦ કલાકે આદિજાતિ વિસ્તાર પંચમહાલ જિલ્લાના ગામોના સરપંચો સાથે વિડીયો કોન્ફરન્સ યોજશે અને કોરોના વાયરસ સંક્રમણ સામેની તેમની સજ્જતા, સારવાર સુવિધા અને રાજ્યના સ્થાપના દિવસ અંગે ૧૦ જેટલા સરપંચો સાથે સંવાદ કરશે.

મુખ્યમંત્રીશ્રી રાજ્યની તમામ ૧૬૨ નગરપાલિકાઓના પ્રમુખો, ઉપપ્રમુખો, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રીઓ તથા ચીફ ઓફિસરો સાથે પણ આ જ પ્રમાણે સવારે ૧૧.૩૦ કલાકે વિડીયો કોન્ફરન્સ સંવાદ બેઠક યોજવાના છે.

## ખૂણેખાંચરેથી

- કોંગ્રેસના કાઉન્સીલર અંકિત બારોટે સે. ૨૪માં શ્રીનગર સોસાયટી સહિતના વિસ્તારોમાં રોજ સેનેટાઈઝ કરવા ઉપરાંત મેડીકલ ટીમ દ્વારા લોકોના આરોગ્યની તપાસ થાય તેવી માંગ કરી કમિશનરને પત્ર લખ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં દહેગામ માર્કેટયાર્ડ ખાતે ઘઉંની ટેકાના ભાવે ખરીદી હાથ ધરવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લામાં ખેડૂતો દ્વારા ઉનાળુ વાવેતર સરેરાશ થતુ હતુ તેટલુ જ કર્યુ છે પણ ખરીફ વાવેતરની તૈયારીઓ હાથ ધરી છે.
- જાણીતા અભિનેતા ઋષિકપુરના આજે થયેલા નિધનના સમાચારથી ફિલ્મપ્રેમીઓમાં નિરાશા જન્મી છે. ગઈકાલે ઈરફાનખાનના મૃત્યુ પછી આજે ઋષિકપુરના નિધનના સમાચારે ફિલ્મપ્રેમીઓને હચમચાવી દીધા છે.
- ઋષિકપુરે બોબી ફિલ્મમાં ગુજરાતી હિરોઈન ડિમ્પલ કાપડિયા તેમજ ૧૦૨ નોટઆઉટમાં ગુજરાતી કલાકાર જીમીત ત્રિવેદી સાથે અભિનય કર્યો હતો.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**સાહેબ, મદદની જરૂર હોય તો કહેજો... ફ્રી જ છું,... તમારું કામ હું ટીવીમાં રોજ જોઉં છું અને આવડી જાય તેવું છે...!!**

# રાજ્યભરમાં ફસાયેલા લોકોને વતન પરત મોકલવા આયોજન

**ગુજરાત બહાર રહેતા લોકોને હવે પરત લવાશે : પરપ્રાંતીયોને વતન મોકલવાની જવાબદારી આઇએએસ, આઇપીએસ અધિકારીઓને જવાબદારી સોંપાઇ**

ગાંધીનગર,તા.૩૦

કોરોનાના કહેર વચ્ચે લોકડાઉનમાં રાજયમાં ફસાયેલા પરપ્રાંતીયો, શ્રમિકો અને મજૂરોને તેમના વતનમાં મોકલવા માટે સરકાર દ્વારા ખાસ આયોજન હાથ ધરાયું છે. આ માટેની વિશેષ જવાબદારી સરકારના આઈએએસ અને આઈપીએસ અધિકારીઓને સોંપવામાં આવી છે. આ માટે પરપ્રાંતીયોએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. ગુજરાત સરકારની લોકડાઉનમાં મહત્વની જાહેરાત કરતા સીએમઓના સચિવ અશ્વિની કુમારે જણાવ્યું કે, વિવિધ રાજ્યોમાં ફસાયેલા લોકોને તેમના વતન પરત મોકલવા માટે ગઈકાલે કેન્દ્ર સરકાર દ્વારા ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા તેનું પાલન કરવામાં આવશે. અન્ય રાજયના વિદ્યાર્થીઓ અને વેપારીઓ ગુજરાતમાં ફસાયા છે તે લોકો માટે ગુજરાતના ૮ સિનિયર આઈએએસ અને ૮ આઈપીએસ અધિકારીઓને જવાબદારી સોંપાઈ છે. અલગ-અલગ રાજ્ય માટે અલગ-અલગ અધિકારીને જવાબદારી સોંપવામાં આવી છે. જે તે રાજ્યના વહીવટી તંત્ર સાથે જરૂરી સંકલન કરીને ગુજરાતમાં ફસાયેલા વેપારી, વિદ્યાર્થીઓ, તીર્થ યાત્રીઓ તથા અન્ય લોકોને ફસાયેલા લોકોને મદદ કરશે. ગુજરાતના જે લોકો બહાર ફસાયેલા છે તેમને પણ રાજ્યમાં પરત લાવવામાં આવશે. આ માટે સાંજ સુધીમાં અરજી કરવા માટે પોર્ટલ તૈયાર કરવામાં આવશે. ગુજરાત બહાર રહેતા લોકોએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. જેમાં વાહનની વિગત પણ ભરવાની રહેશે.આગામી ૧૦-૧૫ દિવસમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

# ૧૦ લાખ કર્મચારી-પેન્શનર્સને સંપૂર્ણ પગાર-પેન્શન ચૂકવાશે

**ગુજરાતમાં લોકડાઉન છતાં સરકારની નાણાંકીય સ્થિતિ સારી : મે મહિનાનો પગાર સમયસર કરાશે : નાણાંપ્રધાન**

ગાંધીનગર,તા.૩૦

કોરોનાની મહામારીને કારણે છેલ્લા ઘણા દિવસોથી સરકારી ઓફિસો બંધ હતી કેટલાક કર્મચારીઓને રજા અપાઇ હતી તો ઘણા કર્મચારીઓ કોરોનાની કામગીરીમાં જોડાયા હતા, કેન્દ્ર સરકારે કર્મચારીઓના ડીએમાં કાપ મુકી દીધો છે, જેની સામે પણ નારાજગી વ્યક્ત કરાઈ છે, આ સ્થિતીમાં હવે ગુજરાત સરકાર વતી ડે.સીએમ નીતિન પટેલે આજે મહત્વની જાહેરાત કરી છે કે રાજ્ય સરકારના બધા જ કર્મચારીઓ પેન્શનરોને પૂરેપુરો પગાર ચૂકવવામાં આવશે, ભલે તેઓ ઓફિસ ગયા હોય કે ન ગયા હોય પરંતુ તેમનો પગાર કપાશે નહી. કોરોનાના કહેરને કારણે હાલ ગુજરાતમાં લોકડાઉન પાર્ટ-૨ ચાલી રહ્યું છે. જે તા.૩ મેના રોજ પુરૂ થઈ રહ્યું છે. આ પરિસ્થિતિ વચ્ચે આજે રાજ્યના નાણામંત્રી નીતિન પટેલે ગુજરાતની આર્થિક સ્થિતિ સારી હોવાનો નિર્દેશ આપી જણાવ્યું કે રાજ્યના ૧૦ લાખ જેટલા સરકારી કર્મચારી અને પેન્શનરોને આગામી મે મહિનાના પગાર અને પેન્શન પેટે રૂપિયા ૪૨૦૦ કરોડ ચૂકવવામાં આવશે. ગુજરાતના નાણાં વિભાગના અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક બાદ નાણામંત્રી નીતિનભાઈ પટેલે ફેસબુકના માધ્યમથી મીડિયાને સંબોધતા જણાવ્યું હતું કે, કોરોનાને કારણે ગુજરાતની જીએસટી અને વેટની આવકમાં ઘટાડો થયો હોવાછતાં પણ રાજ્યની નાણા વિભાગની કાર્યક્ષમતાને કારણે રાજ્યની નાણાકીય સ્થિતિ સારી છે. આ સંજોગોમાં રાજ્યના ૫ લાખ ૨૮ હજાર સરકારી કર્મચારીઓને મે મહિનાનો પગાર પ્રથમ અઠવાડિયામાં જ ચૂકવવામાં આવશે. સરકારી કર્મચારીઓના પગાર પેટે રૂપિયા ૨૬૦૦ કરોડનો ખર્ચ થાય છે, આ ઉપરાંત ગુજરાતના ૪.૫૭ લાખ પેન્શનર્સને પણ મે મહિનાનું પેન્શન રૂપિયા ૧૪૦૦ કરોડ પણ સમયસર ચૂકવાઈ જશે. ધંધા રોજગાર બંધ હોવાથી રાજ્ય સરકારની જીએસટીની અને વેટની આવકમાં મોટો ઘટાડો થયો છે. છેલ્લા ૧ મહિના જેટલા સમયથી ઉદ્યોગો, પેટ્રોલપંપ, ટુરિઝમ, હોટલો, થિયેટરો અને મોલ બંધ હોવાથી સરકારી આવકમાં મોટો ઘટાડો થયો છે, જો કે આ બધાની વચ્ચે રાજ્યના ૫ લાખ ૨૮ હજાર કર્મચારીઓને ૨૬૦૦ કરોડ રૂપિયાનો પગાર ચુકવાશે, તો, ૪ લાખ ૫૭ હજાર પેન્શરોને પણ ૧૪૦૦ કરોડ રૂપિયાનું પેન્શન ચુકવી દેવાશે.

